<u>કામ નંબર</u> :– ૧૨

મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા, નં.૩૯(વરિયાવ) : સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૭ હેઠળ આવેલ વાંધા સુચનોની વિચારણા કરી, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ સરકારશ્રીને મંજુરી માટે જરૂરી સાહિત્યસહ સાદર કરવા બાબત.

<u>ઠરાવ નંબર</u> :–૨૫૨૩

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૩૯(વરિયાવ) : સુરતની મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો, તા.૦૯/૦૫/૨૦૦૫ ના મુસદ્દારૂપ નગર રચના યોજના કલમ–૪૧(૧) પરામર્શ (સુચિત)/૩૯/વરીયાવ/દ.ગુ./૨૧૧૩ થી પરામર્શ મેળવી, યોજના બનાવવાનો સત્તામંડળની તા.૨૩/૧૨/૨૦૦૫ ની બોર્ડ બેઠક નં.૧૯૮ ના ઠરાવ નં. ૨૪૨૮ યોજના માટેનો ઈરાદો જાહેર કરેલ, જે ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ–૨ માં તા.૫/૦૧/૨૦૦૬ ના પાના નં. ૩ તથા ૪ ઉપર પ્રસિધ્ધ થયેલ.

સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી, ઉક્ત કાયદાની કલમ–૪૨ અન્વયે પ્રસ્તુત નગર રચના યોજનાની અંદર સમાવિષ્ટ જમીન માલિકો / હીત સંબંધિતોને નોટીસ આપી તેમજ તેની જાહેર બહોળી પ્રસિધ્ધ કરી અને જુદી જુદી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ આપવા જણાવી તેમજ સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર, "સંદેશ", અને "ધબકાર" ની તા.૭/૦૭/૨૦૦૬ ની આવૃતિમાં પ્રસિધ્ધિ આપી ઓનર્સ મીટીંગનું આયોજન તા.૧૪/૦૭/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ, જે મુજબ ઓનર્સ મીટીંગમાં કુલ ...૨૪.... ઈસમો એ હાજરી આપેલ તથા હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસા જેની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ જે અન્વયે જમીન માલિકશ્રીઓ/ હિત સંબંધિતશ્રીઓ દ્વારા કુલ : ૩ અરજીથી વાંધા – સુચનો રજુ થયેલ, જેનો પત્રક – અ માં સમાવેશ છે. જેનો અભ્યાસ કરી, જરૂરી ફેરફાર કરાયેલ.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં.૩૯(વરીયાવ) ને ઉક્ત અધિનિયમની કલમ : ૪૨(૧) ની જોગવાઈ હેઠળ ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ–૨ માં તા.૨૨/૦૯/૨૦૦૬ ના પાન નં.૧૬૩ અને ૧૬૪ ઉપર પ્રસિધ્ધિ કરી સુચનો અને વાંધા મંગાવવામાં આવેલ છે. અને સદરહુ અધિસુચન દૈનિક વર્તમાન પત્ર "ગુજરાતપ્રભા" તા. ૨૩/૦૯/૨૦૦૬ અને "ગુજરાત સમાચાર" ની તા.૨૪/૦૯/૨૦૦૬ ની આવૃતિમાં પ્રસિધ્ધ થયેલ છે. ઉક્ત અધિનિયમની જોગવાઈ હેઠળ સમય મર્યાદામાં કુલ : ૭ રજુઆતો મળેલ, જેનો વિગતે અભ્યાસ કરી, આ સાથે "પત્રક–બ" માં જરૂરી રીમાર્કસ સાથે રજુ કરેલ જે બોર્ડના સભ્યશ્રીઓએ

સદરહુ યોજનાનો મુસદ્દો સરકારશ્રીને મંજુરી માટે, જરૂરી સાહિત્યસહ સાદર કરવા આગળની કાર્યવાહી માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને જરૂરી સત્તા આપવા માટે અધિકૃત કરવા ઠરાવ્યું.

(ટેકનીકલ શાખા)